( ISO 9001 – 2008 )

# જિલ્લા રોજગાર વિનિમય કચેરી – અમરેલી

બહુમાળી ભવન, સી–બ્લોક, પહેલા માળે, અમરેલી – ૩૬૫૬૦૧
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૯૪ ફેકસ નં. (૦૨૭૯૨) ૨૨૩૩૯૪
Web : employment.gujarat.gov.in email : dee-amr@gujarat.gov.in

ક્રમાંક/અરોક/અનુબંધમ/૮૧૨૮ /૨૦૨૧ તારીખ : ૦૬/૦૯/૨૦૨૧

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
બહુમાળી ભવન, એ–બ્લોક, પહેલા માળે,
**મુ.તા.અમરેલી.**

વિષય :– "અનુબંધમ" પોર્ટલમાં ઉમેદવારોની નોંધણી બાબત..

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, તા. ૦૪/૦૯/૨૦૨૧ ના રોજ "અનુબંધમ" પોર્ટલ કામગીરી તથા માર્ગદર્શન અંગે માન. કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી, અમરેલી ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેમાં ચર્ચા થયા મુજબ અનુબંધમ પોર્ટલ પર શાળા / કોલેજમા અભ્યાસ કરતા તમામ ઉમેદવારોના રજીસ્ટ્રેશન વહેલી તકે થાય તે માટે કલેકટરશ્રી વ્દારા અનુરોધ કરવામાં આવેલ. જે અન્વયે જણાવવાનું કે, આપના તાબા હેઠળની જીલ્લાની તમામ શાળાઓમાં ધો.૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતા ઉમેદવારો પૈકી ઓછામાં ઓછું ૮૦% ઉમેદવારોનું રજીસ્ટેશન તા.૧૫/૯/૨૦૨૧ સુધીમાં થાય તે અંગે આપના વ્દારા તમામ શાળાઓને સુચના આપવા તથા થયેલ કામગીરી અંગેની માહીતી અંગેની જાણ રોજગાર કચેરીને કરવા જણાવવા વિનંતી.

વધુમાં રજીસ્ટ્રેશન અંગે મુશ્કેલી જણાય તો તુરત રોજગાર કચેરી, અમરેલીના સંપર્ક સાધવાથી આપને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.(હેલ્પ લાઈન નં. ૬૩૫૭૩૯૦૩૯૦)

આ સાથે રજીસ્ટ્રેશન અંગેની માર્ગદર્શક પત્રિકા સામેલ છે.

આપનો વિશ્વાસુ

રોજગાર અધિકારી(જનરલ)
અમરેલી

બિડાણ :– પત્રિકા

પરીપત્ર નં -૭૬૮

ક્રમાંક:યજન/અનુબંધમ/૨૦૨૧-૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી, તા.૧૪/૦૯/૨૦૨૧

ઉપરોક્ત પત્રની જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ
જિ.અમરેલી

# એનેક્ષર-૨

**રોજગારવાંચ્છુ ઉમેદવારોએ નામનોંધણી માટે નીચે મુજબની પ્રક્રિયાને અનુસરવાની રહેશે.**

- દરેક ઉમેદવારે પોતાના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો તેમજ આધાર કાર્ડ સાથે રાખવાના રહેશે, જેથી ઓનલાઈન નોંધણી સમયે સંબંધિત વિગતો ભરી શકાય.

સૌપ્રથમ https://anubandham.gujarat.gov.in પોર્ટલ પર જવું

↓

**હોમ પેજ પર ઉપરની જમણી બાજુએ રહેલ "Register" બટન ક્લીક કરવું**

↓

ત્યારબાદ, "Job seeker" પસંદ કરી e-mail id અથવા mobile no ની વિગતો ભરવી

↓

"Next" બટન ક્લીક કરવું જેથી વેરીફિકેશન માટે email id / mobile no પર OTP આવશે

↓

વેરીફિકેશન માટે OTP એન્ટર કરવો

↓

ત્યારબાદ, "Next" બટન ક્લીક કરવું અને Common Application Form માં નામ, સરનામા, યુનિક આઈ.ડી. વિગેરે વિગતો ભરવી

↓

Basic Details ભરવી અને ત્યારબાદ "Next" બટન ક્લીક કરવું

↓

ત્યારબાદ, Unique ID Details and Login Details ની વિગતો ભરવી

↓

ત્યારબાદ, "Sign Up" બટન ક્લીક કરવાથી ઓનલાઈન નોંધણીની અન્ય જરૂરી વિગતો ભરી શકાશે.

**નોંધ: ૧) "અનુબંધમ" વેબપોર્ટલથી યુવાનોને ખાનગી ક્ષેત્રની રોજગારીની તકો ઉપલબ્ધ થશે તથા નોકરીદાતાઓ કુશળ માનવબળ મેળવી શકશે.**

**૨) "અનુબંધમ" વેબપોર્ટલ પર નોંધણી કરવા માટે ઈ-મેઈલ આઈ.ડી. તથા મોબાઈલ નંબર ફરજીયાત છે.**

**Web portal designed & developed by**: iNDEXT-b (Mr. Gaurav Singh Chauhan-8109343956)

Scanned with CamScanner